આંક :– ૦૬

મળ્યા તારીખ :– ૦૩ / ૦૮ / ૨૦૨૩,
નોંધણી તારીખ :– ૦૩ / ૦૮ / ૨૦૨૩,
ફેંસલ તારીખ :– ૦૮ / ૦૮ / ૨૦૨૩,

| | | | | |
|---|---|---|---|---|
| અવધિ | :– | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૫ |

सत्यमेव जयते

**કેશોદના નામદાર એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજસાહેબની કોર્ટ સમક્ષ, કેશોદ.**

## ફોજદારી પરચુરણ અરજી નં.૩૩૨ / ૨૦૨૩.

અજય ઉર્ફે અજુ નારસીંગભાઈ મોહનીયા, )
ઉ.વ.આ.૨૩, ધર્મે હિન્દુ, ધંધો મજુરીકામ, )
રહે.બીલીયા કાસલા ફળીયું, તા.ધાનપુર, જિ.દાહોદ. . . ) અરજદાર

વિ રૂ ધ્ધ

શ્રી સરકાર, )
સમન્સ થ્રુ, સરકારી વકીલશ્રી, કેશોદ. . . ) સામાવાળા

| | |
|---|---|
| બાબત :– | ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન પર મુકત કરવા અંગે. . . |

અરજદાર તરફે વિ. વ. શ્રી આર. ડી. હિરાણી,
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડિ. પી. પી. શ્રી એ. એમ. પારેખ.

## –:: ચૂ કા દો ::–

(૧) હાલના અરજદાર / આરોપી ધ્વારા ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના અરજદાર / આરોપી વિરૂધ્ધ કેશોદ, પોલીસ સ્ટેશન ગુ. ૨. નં.૧૧૨૦૩૦૩૮૨૨૦૬૪૦/૨૦૨૨, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ, જે કામે હાલના અરજદાર / આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો હોય, હાલના અરજદાર / આરોપીને અટક કરી, નીચેની અદાલતમાં રીમાન્ડ માટે રજુ કરતા, જે મંજુર થયેલ, ત્યારબાદ નીચેની અદાલત ધ્વારા અરજદાર / આરોપીને જયુડિશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ છે અને ત્યારથી હાલના અરજદાર / આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાં છે, જેથી અરજદાર / આરોપી ધ્વારા જામીન ઉપર મુકત થવા સારૂ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) આ અરજી દાખલ થતાં, સામાવાળા શ્રી સરકારને નોટિસ કરતા, શ્રી સરકાર તરફે વિ. એડિ. પી. પી. શ્રી એ. એમ. પારેખ હાજર થયેલ છે તથા તપાસ કરનાર અધિકારીએ હાજર થઈને જામીન અરજીની વિરૂધ્ધમાં પોતાનું સોગંદનામું આંક ૫ થી રજુ કરેલ છે.

(૪) આજરોજ તા.૦૮/૦૮/૨૦૨૩ના રોજ અરજદાર / આરોપીના વિ. વ. શ્રી આર. ડી. હિરાણી તથા સરકાર તરફે વિ. એડિ. પી. પી. શ્રી એ. એમ. પારેખને સાંભળ્યાં. રજુ થયેલ સોગંદનામું વંચાણે લીધું. અરજદાર / આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો.

(૫) એફ. આઈ. આર. ધ્યાને લેતાં, હાલના અરજદાર / આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામના અજાણ્યા ચોર આરોપી નામ નમુદ નથી, તે સોંદરડા ગામની ભોલે ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલ આ કામના ફરિયાદી તથા સાહેદોના કારખાના તથા દુકાનના દિવસ અથવા રાત્રીના સમયગાળા દરમ્યાન તાડા તથા બારીઓ તોડી, અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી, અલગ અલગ કારખાના / દુકાનમાંથી કુલ રોકડા

રૂા.૨૯,૨૦૦/–ની ચોરી કરી, લઈ જઈ, ગુનો કરેલ છે.

(૬) અરજદાર તરફે વિ. વ. શ્રી આર. ડી. હિરાણીની એવી દલીલ છે કે, ફરિયાદ જોતાં, અરજદાર સામે કોઈ પ્રાઈમાફેસી કેસ નથી, બનાવ ૨૦૨૨નો એક વર્ષ જુનો હોય, અનડીટેકટ ગુનો અરજદાર ઉપર ચડાવી, ખોટો કેસ કરેલ છે, અરજદારે કોઈ દિવસે કે કોઈ સમયે ચાર્જ મુજબનો કોઈ ગુનો કરેલ નથી, તદ્દન નિર્દોષ છે, અરજદારના પિતા છેલ્લા ૨૫ વર્ષથી ગામના સમરસ સરપંચ તરીકે ચુંટાયેલા છે, અન્ય આરોપીઓએ રાગધ્વેષ રાખી, ફસાવી દીધેલ હોય, અરજદાર નાની ઉંમરના હોય, ખેતીકામ કરે છે, તેમજ સરકારી નોકરી મેળવવા પ્રયત્ન કરે છે, કોઈ ગુનાહિત ઈતિહાસ નથી, અરજદાર બીલીયાના કાયમી રહેવાસી છે, કયાંય નાસી, ભાગી જાય તેમ નથી, અરજદાર નામદાર કોર્ટની તમામ શરતોનું પાલન કરશે તેમ જણાવી, અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૭) સરકારશ્રી તરફે વિ. એડિ. પી. પી. શ્રી એ. એમ. પારેખે તપાસ કરનાર અમલદારના સોગંદનામા આધારે દલીલ કરેલ છે કે, અરજદાર / આરોપીએ અન્ય આરોપી સાથે મળીને પોતાના આર્થિક લાભ માટે રોકડ રકમની ચોરી કરેલ છે, ગુનાની તપાસ ચાલું હોય, અન્ય આરોપીઓને પકડવાના બાકી છે, અરજદાર / આરોપી વિરૂધ્ધ અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે., જો અરજદાર / આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો પુરાવા સાથે ચેડા કરી, તપાસને નુકશાન પહોંચાડે, તેમજ નાસી, ભાગી જાય તેવી શકયતા હોય તેવી પુરેપુરી દહેશત હોય, તે સંજોગોમાં જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૮) આ કામે બંને પક્ષોની દલીલો સાંભળી, કેસ પેપર્સ તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લીધું. આ કામના અરજદાર / આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે, હાલના અરજદાર / આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ

પકડાયેલ નથી, તેમજ એફ. આઈ. આર. માં પણ અરજદાર / આરોપીનું નામ નથી, તેવા સંજોગોમાં હાલના તબકકે વિશેષ ચર્ચા નહી કરતા, અત્રેની અદાલતને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) હાલના અરજદાર / આરોપીની ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ મુજબની હાલની રેગ્યુલર જામીન મુકત થવા અંગેની અરજી આથી શરતી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર / આરોપી અજય ઉર્ફે અજુ નારસીંગભાઈ મોહનીયા, રહે.બીલીયા કાસલા ફળીયું, તા.ધાનપુર, જિ.દાહોદવાળાને કેશોદ, પોલીસ સ્ટેશન ગુ. ર. નં.૧૧૨૦૩૦૩૮૨૨૦૬૪૦/૨૦૨૨, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુનાના કામે અરજદાર / આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન નીચેની કોર્ટ સમક્ષ રજુ કર્યેથી હાલના કેસ પુરતા તેઓને નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શ ર તો :–

(૧) અરજદાર / આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને કોઈ ધાક ધમકી, લાલચ કે પ્રલોભન આપવા નહીં કે ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર / આરોપીએ તપાસમાં પુરતો સાથ, સહકાર આપવો અને ટ્રાયલ ચાલે ત્યાં સુધી દર તારીખે સબંધિત કોર્ટમાં નિયમીત હાજર રહેવું.

(૩) અરજદાર / આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકું અને કાયમી સરનામું પુરૂ પાડવું અને જો તેમાં કોઈ ફેરફાર થાય તો સબંધિત અદાલતમાં તથા પોલીસ સ્ટેશનને જાણ કરવી તથા પોતાનો મોબાઈલ નંબર તથા આધાર કાર્ડ નંબર જાહેર કરવો.

(૪) અરજદાર / આરોપીએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દર મહિનાની પહેલી તારીખે સવારે ૧૧–૦૦થી ૨–૦૦ દરમ્યાન સબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૫) અરજદાર / આરોપીએ નીચેની અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૬) અરજદાર / આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૩(ત્રણ)માં કોર્ટમાં રજુ કરવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું રજું કરવું.

(૭) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

અરજદાર / આરોપીએ તેના જામીન નીચેની અદાલતમાં આપવાના રહેશે, તે મુજબની યાદી કરવી તથા સબંધિત પોલીસ સ્ટેશનને આ હુકમની જાણ કરવી.

આ હુકમ આજ તારીખ આઠમી માહે ઓગષ્ટ, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

તા.૦૮ / ૦૮ / ૨૦૨૩.

( મિલન ગિરીશચંદ્ર દવે )
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૨૨.